The Centre for Entrepreneurship Development
(A Government of Gujarat Organisation)
ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન
Since 1979
**H.O.:** Block -1,9th Floor, Udhyog Bhavan, Sector-11, Gandhinagar-382017
**Ph.:** (079) 23243847, 23240253, 23247633 Fax (079) 23256679
**Email:** cor-ced@gujarat.gov.in **Website:** www.ced.gujarat.gov.in

## ૨૦૧૯-૨૦ માટે ભાડાની ટેક્ષી અંગે વાર્ષિક કોન્ટ્રાકટ માટેની એજન્સીઓની એમ્પેનલ કરવા બાબત

સીઇડી સંસ્થાની વડી કચેરી તેમજ નરોડા કેમ્પસ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર વિભાગીય કચેરીઓ માટે વિવિધ પ્રકારની કામગીરી માટે ભાડાની ટેક્ષી સર્વીસ અંગે વાર્ષિક કોન્ટ્રાકટ આપવા ઇચ્છે છે. એમ્પેનલ માટે લઘુતમ પાંચ ગાડીની માલિકી ધરાવતી પ્રતિષ્ઠિત, સક્ષમ અને અનુભવી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં નિયત નમૂનામાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. નિયત નમૂના ફોર્મ અમારી વેબસાઇટ www.ced.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી કંપનીના લેટરપેડ ઉપર કચેરી સમય દરમ્યાન તા.૧૩/૬/૧૯ સાંજે ૧૮.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં "ટેક્ષી અંગેના ભાવપત્રક" તેવું દર્શાવી અત્રેની કચેરીના ઉપરોકત સરનામે પહોંચતા કરવાના રહેશે.

નિયામક

D.1

The Centre for Entrepreneurship Development
(A Government of Gujarat Organisation)
ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન
CED
Since 1979

## ભાડાની ટેક્ષી સર્વીસ પૂરી પાડવા અંગેની શરતો/બોલીઓ

**શરતો /બોલીઓઃ**

૧. ભાવપત્રકો બંધકવરમાં ટ્રાવેલ્સ કંપનીના લેટરહેડ ઉપર વડી કચેરી-ગાંધીનગર ખાતે મોકલી આપવાના રહેશે.

૨. ભાવપત્રકો ઉપરોકત દર્શાવેલ ટેબલ પ્રમાણે અને જે તે શહેરના સ્થાનિક ટ્રાવેલ્સએ સંબંધિત કચેરી માટે ભાવપત્રકો મોકલવાના રહેશે.

૩. ટ્રાવેલ્સ એ જરુરી આરટીઓ લાયસન્સની કોપી સામેલ કરવાની રહેશે.

૪. કાયમી આવક વેરા નંબર(PAN)અવશ્ય લખવો અન્યથા ભાવપત્રક અમાન્ય ગણાશે.( PAN નંબરની નકલ સામેલ કરવી)

૫. કચેરીની જરુરીયાત મુજબ આરટીઓ અધિકૃત કરેલ વાહન, વાહન ચાલક અને પેસેન્જર સહિતનો વીમો ઉતરાવેલ હોય તેવુ વાહન કચેરીને જયાં, જેટલા પ્રમાણમાં અને તેટલા સમય માટે જરુર પડે ત્યારે સારી હાલતમાં મંજૂરીની તારીખથી તા.૩૧/૩/૨૦૨૦ સુધી પૂરા પાડવાના રહેશે.

૬. સંસ્થા તરફથી વાહન મંગાવવામાં માટે અગાઉથી જાણ કરવામાં આવશે અને જો સમય મર્યાદામાં વાહન પુરા પાડવામાં નહી આવે તો કચેરી પોતાની રીતે જરુરી વ્યવસ્થા ગોઠવશે જેનો વધારાનો ખર્ચ પાર્ટી પાસેથી વસુલ કરવામાં આવશે. આકસ્મિક પરિસ્થિતીમાં વાહનની વ્યવસ્થા તાત્કાલિક કરી આપવાની રહેશે.

૭. કોન્ટ્રાકટ કર્યા બાદ પેટ્રોલ/ડિઝલમાં ભાવવધારા થશે તો તે બાબતે ભાવવધારા/ઘટાડા અંગે સંસ્થાનો નિર્ણય આખરી રહેશે જે આપને બંધનકર્તા રહેશે.

૮. કિ.મી. ની ગણતરી મુખ્ય મથક/વિભાગીય કચેરીએથી અથવા તો પ્રવાસ કરનાર અધિકારીના રહેઠાણથી શરુ થશે અને કચેરી કે રહેઠાણથી પૂર્ણ થશે.

૯. જે તે તારીખનું બીલ ડયુટી સ્લીપ સાથે બનાવી મહિનાના અંતે (આખર તારીખ) સંબંધિત કચેરીને મોકલી આપવાનું રહેશે. જે સંબંધિત કચેરી તરફથી મળ્યેથી દિન-૧૫માં પેમેન્ટ અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

૧૦. બીલ અને ડયુટી સ્લીપ સંપૂર્ણ વિગતો સાથેની મોકલવાની રહેશે જેમ કે ગાડી નં., શરુઆતના કિ.મી., બંધ કિ.મી., મુસાફરીની તારીખ, શરુનો સમય અને મુસાફરી પૂર્ણ થવાનો સમય વગેરે તથા ડયુટી સ્લીપમાં ડ્રાઈવરનું નામ તથા મુસાફરી કરનાર અધિકારીની સહી જરુરી રહેશે.

૧૧. કોન્ટ્રાકટમાં દર્શાવેલ શરતોમાં ભંગ થવાથી અથવા /તેમજ સંતોષકારક રીતે સેવાઓ નહીં મળવાથી સંસ્થા એક પક્ષીય રીતે કોન્ટ્રાકટનો અંત લાવી શકશે. જે અન્વયે ઉભી થતી કાનુની કે આર્થિક જવાબદારી સીઈડીના શીરે રહેશે નહી.

૧૨. નિયમો મુજબ ભરવાપાત્ર વેરા અલગથી દર્શાવવાના રહેશે.

૧૩. સંસ્થાના નિયામકશ્રીનો નિર્ણય અબાધિત/માન્ય રહેશે.

તારીખઃ

સ્થળઃ ગાંધીનગર

૩૦/૫/૧૯

હેડ (પી એન્ડ એ)

નમૂના ફોર્મ- ભાડાની ટેક્ષી સર્વીસ પૂરી પાડવા અંગેની ફોર્મ - કંપનીના લેટરપેડ ઉપર છાપીને અથવા કોરા કાગળ પર સહિ સિક્કા સાથે મોકલી આપવાનું રહેશે. (સિક્કો મારવો ફરજીયાત છે.)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કંપનીનું નામ | | | | | | | |
| સરનામું | | | | | | | |
| મોબાઇલ નંબર | | | | | | | |
| કાર્યનો અનુભવ | | | | | | | |
| કંપનીના નામનું બેન્ક એકાઉન્ટ છે કે નહી. | | હા ( ) ના ( ) | | | | | |
| નં. | વાહનનો પ્રકાર | સીએનેજી | | ડિઝલ | | પેટ્રોલ | |
| | | એસી | નોનએસી | એસી | નોનએસી | એસી | નોનએસી |
| ૧ | ટાટા ઇન્ડિગો પ્રતિ કિમી | | | | | | |
| ૨ | સ્વીફ્ટ ડિઝાયર પ્રતિ કિમી | | | | | | |
| ૩ | ઇનોવા પ્રતિ કિમી | | | | | | |
| ૪ | ટવેરા પ્રતિ કિમી | | | | | | |
| ૫ | એકસ્ટ્રા ચાર્જ પ્રતિ કિમી | | | | | | |
| લાગુ પડતાં કરવેરાનો દર | | | | | | | |
| અન્ય કોઇ ચાર્જ હોય તો | | | | | | | |
| અન્ય વિગતો જો આપવી હોય તો | | | | | | | |
| લઘુતમ પાંચ કરતાં વધારે પોતાની કેટલી કાર છે ? તેના પુફની વિગત | | | | | | | |
| ગાડીના પાર્સીંગ વર્ષની વિગત | | | | | | | |

* જાહેરાતમાં દર્શાવેલ શરતો/બોલીઓ સાથે અમો સંમત છીએ.

અધિકૃત વ્યક્તિની સહિ
(સિક્કા સાથે)

૧. આરટીઓ દ્વારા અધિકૃત કરેલ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ સાથે બિડવી.

૨. વાહનના રજીસ્ટ્રેશનની ફોટો કોપી